# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- **રાજ્યમાં સાર્વત્રિક મેઘ મહેરઃ માણાવદરમાં 15 ઇંચ વરસાદ ખાબક્યો**
- **આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં તમામ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી**
- **વરસાદને પગલે રોગચાળો અટકાવવા આરોગ્ય વિભાગની તકેદારીનાં પગલાં માટે તાકીદ**
- **મુખ્યમંત્રી કાર્યાલયને ISO સર્ટિફિકેટ એનાયતઃ 2009થી 2023 સુધી સતત ISO પ્રમાણપત્ર મેળવનાર ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય**
- **નીટ ગેરરિતી કેસમાં આરોપી દિક્ષીત પટેલ ચાર દિવસના સીબીઆઇ રિમાન્ડ પર**
- **નેશનલ ઇન્ટર સ્ટેટ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપમાં રાજ્યના મુરાદ સિમરને રજત અને ધવલ ઉતેકરે કાંસ્ય ચંદ્રક જીત્યા.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Gujarat Rain

રાજ્યભરમાં ગઇકાલે સતત બીજા દિવસે ભારેથી અતિભારે વરસાદ યથાવત રહ્યો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં છેલ્લાં 24 કલાકમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જુનાગઢના માણાવદર અને વંથલીમાં 14 ઇંચ વરસાદ ખાબકતા જનજીવન ખોરવાઈ ગયું હતું. ગિરનારમાં 12 ઇંચ, મેંદરડા અને કેશોદમાં 11 ઇંચ, વિસાવદરમાં 10 ઇંચ, ભેંસાણમાં 9 ઇંચ અને ધોરાજીમાં આઠ ઇંચ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્રનાં દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ ઉપરાંત દક્ષિણ ગુજરાતનાં સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે જ્યારે બાકીનાં જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાને પગલે યલો એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે આજે નવસારી જિલ્લામાં વરસાદનું રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધી નવીન પટેલ જણાવે છે કે, આ એલર્ટને ધ્યાનમાં રાખી વહીવટી તંત્રએ સુરક્ષાના ભાગરૂપે નવસારી અને જલાલપોર તાલુકામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાની જાહેરાત વહીવટી તંત્રે કરી છે.

અમારા ભુજ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે જિલ્લામાં તોફાની પવન અને ભારે વરસાદની આગાહીને પગલે ભુજ ખાતે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળની ટૂકડીને તહેનાત કરવામાં આવી છે. પોરબંદરના અમીપુર, કાલિન્દ્રી, ખંભાળા, ખોદાળા, સારણ, રાણા ખીરસરા, મેઢાક્રીક, બરડાસાગર અને ભાદર ડેમમાં નવા નીરની આવક થઈ છે અમારા વલસાડ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે,

ધરમપુરની સ્વર્ગવાહિની નદીના પુલની આશરે ૨૫ ફૂટ જેટલી લાંબી પ્રોટેક્શન વોલ વરસાદ ને કારણે તૂટી પડી હતી.

અમારા સુરત જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે રાંદેર ખાતે આવેલો વિયર-કમ-કોઝ વે અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. તાપી નદીમાં નવા નીર આવતા કોઝ-વેની સપાટી છ મીટરે પહોંચી છે.

------------------------------------------------------------------

- ડેસ્ક, પીટીસી પોરબંદર, નવસારી, ભુજ, સુરત, વલસાડ અનિલ આર પટેલ -(NAVIN)

# Health Rogchalo alert..

રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદને પગલે રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય વિભાગે તકેદારીનાં પગલાં લેવા જિલ્લા અને મહાનગરપાલિકાઓના આરોગ્ય અધિકારીઓને તાકીદ કરી છે.

જાહેર આરોગ્ય વિભાગના અધિક નિયામક ડોક્ટર નિલમ પટેલે જિલ્લાઓ અને કોર્પોરેશને 31 ઓક્ટોબર સુધી ચોમાસુ કન્ટ્રોલ રૂમ પર દેખરેખ રાખવા નિર્દેશ આપ્યા છે.

જુલાઇનાં પ્રથમ સપ્તાહમાં જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર સાથે સમીક્ષા બેઠકનું આયોજન કરીને આરોગ્ય, પાણી પુરવઠા, પંચાયત, સિંચાઈ વિભાગ અને નગરપાલિકા માટે જરૂરી પગલાં ભરવા તાકીદ કરવામાં આવી છે.

રોગચાળો અટકાવવા સતત દવા છંટકાવ, ડસ્ટીંગ અને ફોગિંગ સહિતનાં આગોતરા પગલાં લેવા પણ સૂચના આપવામાં આવી છે.

-------------------------------------------------------------------

- ડેસ્ક અનિલ આર પટેલ

-(NAVIN)

# ISO Certification to C M O

ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયને ISO પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. ૨૦૦૯થી ૨૦૨૩ સુધી સળંગ પાંચ ત્રિવાર્ષિક ISO પ્રમાણપત્ર મેળવનારા દેશના એકમાત્ર રાજ્ય તરીકે ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયે આ વિશેષ ગૌરવ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

મુખ્યમંત્રી કાર્યાલયની ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુક્ત, સમયબદ્ધ અને પ્રજાલક્ષી સુચારૂ કામગીરીને આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રમાણિત કરતાં આ ISO પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી ગુડ ગવર્નન્સની આ સીમાચિહ્નરૂપ કામગીરીને ગુજરાતની પ્રશાસનિક વ્યવસ્થાએ સતત જાળવી રાખી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં 'સ્વાગત' કાર્યક્રમ તથા ISO ઓડિટની પરંપરા પણ સફળતાપૂર્વક આગળ ધપી છે. આ સફળતાને પગલે મુખ્યમંત્રી કાર્યાલયને હાલ ૨૦૨૪ થી ૨૦૨૬ સુધીના સમયગાળા માટેની છઠ્ઠી સાયકલ માટે આ ISO પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ માટે ટીમ CMOને અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . . . . .

INFO, MITTAL, SONAL

# PRAKRUTIK KHETI

ગુજરાત સરકારે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી વધુ એક નવી યોજના અમલમાં મુકી છે. હવે પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઇનપુટ ખેતી ખર્ચ અને શાકભાજીની પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન માટે રૂપિયા ૨૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય ચૂકવવામાં આવશે. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં રૂપિયા એક હજાર લાખની રકમ ફાળવવામાં આવી છે.

રાજ્યના દરેક નાગરિકને રાસાયણીક ખાતર તેમજ જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના શાકભાજી સરળતાથી મળી રહે તે માટે “શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના” અમલમાં મૂકવામાં આવી છે.

---------------------------------------------------------------------

- અખબારી યાદી—હર્ષલ પંડ્યા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEET Dixit Patel Remand

મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટેની સ્પર્ધાત્મક પરિક્ષા નીટની ગેરરિતી કેસમાં સીબીઆઇની અદાલતે ગોધરાની જય જલારામ સ્કુલના સંચાલક અને ટ્રસ્ટી દિક્ષીત પટેલને ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

દિક્ષીત પટેલને રવિવારે મોડી રાત્રે સરકીટ હાઉસ ખાતે સીબીઆઇના વિશેષ ન્યાયમૂર્તિ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા.

સીબીઆઇ તરફથી આરોપી દિક્ષીત પટેલના સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. સીબીઆઇ તપાસમાં એવી ચોંકાવનારી માહિતી સામે આવી હતી કે શાળાનાં મેનેજમેન્ટના સભ્યોએ જ વિદ્યાર્થીઓને પેપર લખવામાં મદદ કરી હતી. આ કૌભાંડમાં હજુ વધુ ધરપકડ થવાની સંભાવના છે.

---------------------------------------------------------------------

--ડેસ્ક અનિલ આર પટેલ

-(NAVIN)

# GANDHINAGAR NAVA KAYDA CASE

દેશમાં ગઈકાલથી ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવ્યા છે. આ નવા કાયદા અંતર્ગત પહેલાં જ દિવસે રાજ્યભરમાં કુલ 164 ગુના પોલીસે દાખલ કર્યા છે. આ અંગે માહિતી આપતાં D.I.G.P. દિપક મેઘાણીએ આ મુજબ જણાવ્યું.

**(બાઈટ - ડી. આઈ. જી. પી. દિપક મેઘાણી (લૉ એન્ડ ઑર્ડર)**

રાજ્યમાં ગેરકાયદે વ્યાજ ધિરાણનો વ્યવસાય કરતાં લોકો સામે રાજ્ય પોલીસે 21 જૂનથી વિશેષ ઝૂંબેશ હાથ ધરી છે. આ ઝૂંબેશ અંતર્ગત 10 દિવસમાં રાજ્યભરમાં 71 આરોપી સામે પ્રથમ માહિતી અહેવાલ દાખલ કરવામાં આવી. જ્યારે 43 લોકોની ધરપકડ કરવામાં આવી. આ ઉપરાંત રાજ્યના ચાર મહાનગરપાલિકામાં છેલ્લા એક અઠવાડિયામાં રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ બદલ 2 હજાર 153 ગુના દાખલ કરવામાં આવ્યા.

---------------------------------------------------------------------

- **PTC – GANDHINAGAR – DURGESH MEHTA- - PRAVESH.** -(NAVIN)

# NAVA KAYDA SHIBIR-DISTRICT

ગીરસોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની અધ્યક્ષતામાં સોમનાથના શ્રીરામ મંદિર ખાતે ગઇકાલથી નવા અમલમાં આવેલા ત્રણ ફોજદારી કાયદા અંગે માર્ગદર્શન આપવા શિબિર યોજાઈ ગઈ. અહીં ગેરકાયદે નાણા-ધિરાણ પ્રવૃત્તિના ભોગ બનેલા લોકોની રજૂઆત સાંભળવામાં આવી હતી.

અમદાવાદમાં વિવેકાનંદનગર પોલીસમથક અમદાવાદ ગ્રામ્ય દ્વારા વિવેકાનંદ સાંસ્કૃતિક હૉલ ખાતે ત્રણ નવા ફોજદારી કાયદા – ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ અંગે પરિસંવાદ યોજી લોકોને જાગૃત કરાયા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં પણ જિલ્લા પોલીસ તંત્રએ મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોને નવા કાયદા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

-------

PTC- GIRSOMNATH, SURENDRANAGAR, DD NEWS, PRAVESH, SONAL

# Athletics

નેશનલ ઇન્ટર સ્ટેટ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપમાં રાજ્યના મુરાદ સિમરને રજત ચંદ્રક અને ધવલ ઉતેકરે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

હરીયાણાના પંચકુલા ખાતે ચાલી રહેલી આ સ્પર્ધામાં 400 મીટર વિઘ્નદોડમાં રાજ્યના મુરાદ સિમરને 50.60 સેકન્ડ સાથે રજત અને ધવલ ઉતેકરે 50.57 સેકન્ડ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

આ ઉપરાંત રાજ્યના રુચિત મોદી 51.14 સેકન્ડ સાથે ચોથા ક્રમે રહ્યા છે. આ સાથે પ્રથમવાર રાજ્યના ત્રણ એથ્લિકસે, નેશનલ ટુર્નામેન્ટના ટોપ ચારમાં સ્થાન મેળવ્યું છે.

---------------------------------------------------------------------

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# Rath Yatra

ભગવાન જગન્નાથની રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

રથયાત્રા અંતર્ગત વિવિધ કાર્યક્રમોની ઉજવણી થઇ રહી છે. જે અંતર્ગત મોસાળમાં બિરાજમાન ભગવાન જગ્નાનથજી, સુભદ્રાજી અને બળદેવજીનું આજે મામેરૂ ભરાશે.

સરસપુરના રણછોડરાયજી મંદિરમાં ભગવાન જગન્નાથના મામેરા દર્શનનું આયોજન કરાયું છે. આવતીકાલે વસ્ત્રાલ ખાતે શોભાયાત્રા યોજાશે. જેમાં 42 ગામના લોકો જોડાશે.

---

-ન્યુઝપેપર, નિકીતા -(NAVIN)

# TREE -PLANTATION

વલસાડ ખાતે અતુલ ફાઉન્ડેશન દ્વારા આવતીકાલે એક લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાશે.

વલસાડથી અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે , અતુલ ગામે મેગા પ્લાન્ટેશન ડ્રાઇવ – સંજીવનીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં એક દિવસમાં ભારતમાં અને ભારત બહારના સાત દેશોમાં એક લાખ વૃક્ષો વાવવાનું લક્ષ્યાંક છે. અતુલ કંપનીના કર્મચારીઓ ઉપરાંત કંપનીના વિતરકો, ગ્રાહકો, સપ્લાયર્સ સહિત 25,000 થી વધુ સ્વયંસેવકો આ પહેલમાં ભાગ લેશે. અતુલ ગામ અને તેની આસપાસ લગભગ 50 પ્રજાતિના મૂળ વૃક્ષો વાવવાની યોજના છે.

મહેસાણાથી અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, સતલાસણા તાલુકાના સુદાસના ગામની પહાડી હરિયાળી બનાવવા માટે 200 થી વધુ વૃક્ષોનું વાવેતર તેમજ 5 હજારથી વધુ સિડ્સબોલ પ્લાન્ટેશન કરવામાં આવ્યા. જેમાં વન વિભાગ, સૌરાષ્ટ્ર તેમજ અમદાવાદથી આવેલા 150 લોકોની ટીમ અને ગ્રામજનો પણ જોડાયા હતા. તારંગા નવપલ્લવિત અભિયાન સમિતિના લોકો ચોમાસા પહેલા લોક ભાગીદારીથી પહાડી વિસ્તારને હરિયાળી બનાવવા માટે કામ કરી રહ્યા છે.

---

- PTC-VALSAD, MEHSANA, MITTAL, sonal

# KANKARIYA YARD TRAIN

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ પર અમદાવાદ-ગેરતપુર વિભાગના કાંકરિયામાં ન્યૂ કૉમ્પ્લેક્સ યાર્ડને ત્રીજી લાઈનથી જોડવાના સંબંધમાં નૉન ઈન્ટર લૉકિંગના કામને ધ્યાનમાં રાખી આવતીકાલે કેટલીક ટ્રેન સંપૂર્ણ અને કેટલીક આંશિક રીતે રદ થશે. અમદાવાદ-વડોદરા-અમદાવાદ ઇન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન, વડોદરા-અમદાવાદ મેમુ, અમદાવાદ-વડોદરા મેમુ અને વડોદરા-અમદાવાદ-વડોદરા મેમુ ટ્રેન સંપૂર્ણપણે રદ રહેશે. જ્યારે મુંબઈ સેન્ટ્રલથી ચાલનારી મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત એક્સપ્રેસ વડોદરા-અમદાવાદ વચ્ચે અને અમદાવાદ-વલસાડ ગુજરાત ક્વિન એક્સપ્રેસ અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે બંધ રહેશે.

---------------

DD NEWS, PRAVESH,, SONAL